પત્રિકા
૧૨૪

# ચિરાગે હિદાયત

૧૫/૦૯/૧૭
૨૩ ઝિલ્હજ

## આ અઠવાડિયાની મુનાસેબત

૨૪ ઝિલ્હજ – ઈદે મુબાહેલા

## ઈદે મુબાહેલા

માહે ઝિલ્હજની ૨૪ તારીખ ઈદે મુબાહેલાનો દિવસ છે. આ તે દિવસ છે કે જે દિવસે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ નજરાનના નસારા સાથે મુબાહેલા કર્યો.

* *નજરાનના નસારાથી મુબાહેલા :*

યમનના શુમાલી વિસ્તારમાં એક સ્થળ છે જેનું નામ છે સન્આ. આ સ્થળ હજુ પણ છે. આ સન્આના મકામથી થોડું દૂર નસારાની એક આબાદી હતી. જે નાની નાની વસ્તીઓ પર આબાદ હતી. જુદી જુદી રિવાયતો મળે છે કે ત્યાં ૪૦ થી ૭૦ હજારની નસરાની રહેતા હતા. પહેલા આ બધી આબાદી મુશ્રીક અને બુત પરસ્ત હતી. રૂમથી કમીયૂન નામનો એક શખ્સ રોઝીની તલાશમાં ત્યાં આવ્યો. તે બાઈલ્મ હતો અને નસારાની કૌમનો રાહિબ પણ હતો.

ત્યાં પહોંચીને ત્યાંની આબાદીને બુત પરસ્ત જાણી. હકીકતમાં તે રોઝીની તલાશમાં નીકળ્યો હતો. પરંતુ તેની સાથે સાથે પોતાના દીનની તબ્લીગનો સિલસિલો પણ શરૂ કરી દીધો. કમીયૂનની તબ્લીગની અસરથી અમુક દિવસો પછી પૂરી આબાદી તેના જ દીન પર કાયમ થઈ ગઈ. પરિણામે પૂરી આબાદીએ દીને નસારાને કબૂલ કરી લીધી.

હઝરત મોહમ્મદ(સ.અ.વ.)એ મક્કાને ફતેહ કર્યા પછી જ્યારે તમામ આસપાસના સરદારો અને અમીરોને પત્રો લખ્યા અને દરેકને દીને ઈસ્લામની કબૂલીયત માટે દાવત આપી. પોતાનો પરિચય આપ્યો કે તૌરેત, ઈન્જીલ, જબૂરમાં અને બીજા અંબિયા(અ.મુ.સ.)ના સહીફાઓમાં આખરી નબીના આવવાનો જે ઝિક્ર છે તે આખરી નબી હું છું. તમે લોકો તૌહીદને કબૂલ કરીને ઈસ્લામમાં દાખલ થઈ જાઓ.

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)નો આ પત્ર નજરાનના નસારાની પાસે પણ પહોંચ્યો તો તે લોકોએ ૭૦ માણસોનું ટોળું બનાવીને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની ખિદમતમાં

હાજર થયા કે જેથી જાણી શકાય કે આ તે જ નબી છે કે જેનો ઝિક્ર આપણી કિતાબોમાં મળે છે અને જે આખરી નબીની નિશાનીઓ તે કિતાબોમાં બતાવવામાં આવી છે.

બધી નિશાનીઓ મળવા છતાં છેલ્લે નજરાનના નસારાઓએ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને કહ્યું કે તમે ઈસા(અ.સ.)ને અલ્લાહના બંદા કહો છો અને અમે ઈસા(અ.સ.)ને અલ્લાહનો પુત્ર કહીએ છીએ. હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ તેમને ઘણા સમજાવ્યા પરંતુ તેઓ રાહે રાસ્ત પર ન આવ્યા. આપ(સ.અ.વ.)એ ફરમાવ્યું કે ઈસા(અ.સ.)નું ફક્ત બાપ વગર પૈદા થવું હઝરત આદમ(અ.સ.)નું મા અને બાપ વગર પૈદા થવાથી અજીબ નથી. બલ્કે આદમ(અ.સ.)નું પૈદા થવું વધારે અજીબ છે કે જેની ન મા હતી ન બાપ. તો જ્યારે જનાબે આદમ(અ.સ.) તે મકામ પર ફાએઝ નથી તો હઝરત ઈસા(અ.સ.) કેવી રીતે હોઈ શકે છે.

નસારાઓએ જ્યારે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની આ દલીલ કબૂલ ન કરી અને અદાવતને કારણે પોતાના અકીદા પર કાયમ રહ્યા. તો હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ અલ્લાહના હુકમથી તેઓને ફરમાવ્યું કે હવે મુબાહેલા જરૂરી થઈ ગયો છે. તે પછી આ આયએ મુબાહેલા નાઝિલ થઈ.

**‘‘તું કહે કે આવો અમે અમારા પુત્રોને બોલાવીએ અને તમે તમારા પુત્રોને બોલાવો અને અમે અમારી બેટીઓને બોલાવીએ અને તમે તમારી બેટીઓને બોલાવો અને અમે પોતાના નફસોને બોલાવીએ તથા તમે તમારા નફસોને બોલાવો; પછી આપણે (અલ્લાહ પાસે) કરગરીને દુઆ કરીએ અને જુઠૂં બોલનારાઓ પર અલ્લાહની લાનત (ફિટકાર) કરીએ.’’**

નસારાઓએ જ્યારે મુબાહેલા કબૂલ કર્યો. તો ૨૪ ઝિલ્હજ, હિ.સ.૧૦ના રોજ મેદાને મુબાહેલાની તરફ જતા સમયે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ઈમામ હુસૈન(અ.સ.)ને આગોશમાં લીધા અને ઈમામ હસન(અ.સ.)નો હાથ પોતાના હાથમાં લીધો. જનાબે ફાતેમા(સ.અ.) અને હઝરત ઈમામ અલી(અ.સ.) આપ(સ.અ.વ.)ની પાછળ પાછળ ચાલ્યા.

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ પોતાના આ સાચા માસૂમ સાથીઓને કહ્યું કે જે સમયે હું નજરાનના નસારા પર લાનત કરૂં. તમે બધા મળીને એક સાથે આમીન કહેજો.

* *દુઆઓને કબૂલ કરાવનારા ચમકતા ચહેરાઓ :*

નજરાનના સરદારે (ઉસકુફે નજરાને) જ્યારે પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.) અને તેમના સાથીઓને આ હાલતમાં આવતા જોયા તો નસારાની જમાતને કહેવા લાગ્યો કે તમે લોકો સારી રીતે જાણી લ્યો કે આ ચમકતા ચહેરાઓ જે હું જોઈ રહ્યો છું. અગર તે ખુદા પાસે દુઆ કરી દે તો તે પહાડ પોતાની જગ્યાએથી હટી જશે. માટે જો અગર તમે તેમનાથી મુબાહેલા કર્યો તો ખરેખર હલાક થઈ જશો અને જમીન ઉપર એક પણ નસરાની બાકી નહીં રહે.

નજરાનના નસારાઓએ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની ખિદમતમાં અર્ઝ કરી કે અમે આ ફેંસલો કર્યો છે કે આપથી મુબાહેલા ન કરીએ. બલ્કે આપ આપના દીન ઉપર રહો અને અમને અમારા દીન પર બાકી રહેવા દો. આપ(સ.અ.વ.)એ ફરમાવ્યું કે જ્યારે તમારી આ હાલત છે કે તમે મુબાહેલાથી ભાગી રહ્યા છો તો પછી મુસલમાન થઈ જાઓ કે જેથી તમે મુસલમાનોના નફા-નુકસાનમાં ભાગીદાર રહો પરંતુ તેઓએ આ વાત કબૂલ ન કરી.

પછી હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું કે હું તમારી સાથે જંગનું એલાન કરૂં છું. નસારાઓએ કહ્યું કે અમારી પાસે અરબોની સાથે જંગ કરવાની તાકત નથી. માટે આપ અમને જંગની વાત કરીને ન ડરાવો અને ન તો અમારા દીનથી અમને ફેરવવાની વાત કરો. બલ્કે અમારી સાથે આ અહદ પર સમજોતો કરો કે દર વર્ષે અમે આપની ખિદમતમાં જિઝયા તરીકે કંઈક પેશ કરીશું. હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ તેમની આ વાતને કબૂલ કરીને સમજોતો કર્યો.

* *ફઝીલતે એહલેબૈત(અ.મુ.સ.) :*

અગર આ આયએ મુબાહેલા સિવાય કોઈ બીજી આયત એહલેબૈત(અ.મુ.સ.)ની શાનમાં ન હોત. તો પણ આ એક જ આયત ફઝીલતે એહલેબૈત(અ.મુ.સ.) માટે કાફી હતી. દાસ્તાને મુબાહેલા અને આયએ મુબાહેલા ઉપર અગર મોમીનો ગૌરો ફિક્ર કરે તો એહલેબૈતે રસૂલ(સ.અ.વ.)ની ફઝીલત અને મકામો મંઝેલત તેમની પર જાહેર થઈ જાય.

પરવરદિગારે આલમના આ હુકમ ઉપર ખાસ રીતે તવજ્જો કરે કે જેમાં ખાલિકે દો જહાને પોતાના પ્યારા હબીબને ફરમાવ્યું કે મેદાને મુબાહેલામાં પોતાના પુત્રોને

લાવો અને પોતાની ઔરતો અને પોતાના નફસોની સાથે તશરીફ લાવો.

તમામ મુસલમાનો, તફસીરકારો, ઈતિહાસકારો અને હદીસ બયાન કરનારાઓનો એકમત છે કે હઝરત રસૂલે કરીમ(સ.અ.વ.) નફસની જગ્યાએ હઝરત અલી(અ.સ.)ને સાથે લાવ્યા કે જેથી લોકોને જાણ થઈ જાય કે ખાનદાને બની હાશિમ અને સહાબાએ રસૂલમાં ન તો હઝરત અલી(અ.સ.) સિવાય કોઈ હઝરત મુસ્તુફા(સ.અ.વ.)ની જાન છે અને ન તો હઝરત અલી(અ.સ.)ની બરાબર બીજા કોઈની શાન છે. પુત્રોની જગ્યાએ હસનૈન(અ.મુ.સ.)ને સાથે લાવ્યા કે જેથી બધા જાણી લે કે ઈમામ હસનો હુસૈન(અ.મુ.સ.) પયગંબરે ઈસ્લામ(સ.અ.વ.)ના પુત્રો છે અને તેમના બરાબર બીજું કોઈ નથી. ઔરતોની જગ્યાએ જનાબે ફાતેમા(સ.અ.)ને સાથે લાવ્યા કે જેથી આપ(સ.અ.વ.)ની પત્નિઓ અને હાશમી ઔરતોને જાણ થઈ જાય કે તમને સાથે ન લાવવા આ વાતનું એલાન છે કે તમારામાંથી કોઈપણ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની સાથે તે મકામ નથી રાખતું કે જે મકામ જનાબે ફાતેમા(સ.અ.)ને મળેલું છે.

આ મકામ ઉપર મુસલમાનોના બુઝુર્ગ ઈતિહાસકાર 'ઝમખશરી' પોતાની તફસીરમાં ફરમાવે છે કે ફઝીલતે એહલેબૈત(અ.મુ.સ.)ની માટે આયએ મુબાહેલા સિવાય બીજી કોઈ મજબુત દલીલ નથી હોઈ સકતી. 'ફખરૂદ્દીન રાઝી' કહે છે કે શિયાઓની પાસે તમામ સહાબા ઉપર એહલેબૈત(અ.મુ.સ.)ની ફઝીલત માટે આયએ મુબાહેલા એક ખુબજ મોટી દલીલ છે અને આ જ ફઝીલતની બુનિયાદ ઉપર શિયા હઝરાત આલે રસૂલ(અ.મુ.સ.)ને તમામ થયેલા નબીઓ કરતા પણ અફઝલ કહેવાનો હક રાખે છે.

* ***ઈદે મુબાહેલાના આમાલ :*** (૧) ગુસ્લ કરવું, (૨) રોઝો રાખવો, (૩) ઈદે ગદીરની જેમ બે રકાત નમાઝ પઢવી, (૪) દુઆએ મુબાહેલા પઢવી, (૫) બે રકાત નમાઝ અને સિત્તેર વખત ઈસ્તેગ્ફાર કરવો, (૬) ફકીરોની મુલાકાત કરવી અને સદકો આપવો (૭) આ દિવસે ઝિયારતે જામેઆ પઢવાનો ઘણો સવાબ છે.

પરવરદિગારે આલમ પાસે દુઆ છે કે અલ્લાહ આપણને આ મુસ્તહબાત ઉપર અમલ કરવાની તૌફીક ઈનાયત કરે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com